R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 19•ISSUE: 35/36 DATE: 05-09-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## સંથારા અંગેના હાઇકોર્ટના ચુકાદાને જૈન સમાજે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

છેલ્લા કેટલાક સમયથી જૈન સમાજ સંથારા અંગે રાજસ્થાન હાઈકોર્ટે આપેલ નિર્ણય બાબતે વિરોધ પ્રદર્શન યોજી રહ્યો છે. અનેક સાધુ સંતો અને સમાજ દ્વારા ઠેર ઠેર આ બાબતે ભારે વિરોધ નોધાઈ ચુક્યો છે.છેલ્લે આ બાબતે સંઘના વડા સમક્ષ પણ આ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.હવે જૈન સમાજે રાજસ્થાન હાઈકોર્ટે આપેલ સંથારાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે.

રાજસ્થાન હાઈકોર્ટે જૈન સમાજની ધાર્મિક આસ્થા સંથારા પ્રથાને આત્મહત્યાની શ્રેણીમાં મુકતા તેના પર પ્રતિબંધ લાધી દીધો હતો.પરિણામે આ કોર્ટના નિર્ણયથી સમગ્ર જૈન સમાજનો આક્રોશ બહાર આવ્યો હતો.હવે જૈન સમાજં આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. આ મામલે થોડાક સમયમાં સુનાવણી શરુ થવાની વકી છે.જૈન સમાજે પોતાની અપીલમાં જણાવ્યું હતું કે સંથારાને આ્ત્મહત્યાની શ્રેણીમાં રાખી શકાય નહી. હાઈકોર્ટના ચુકાદા પર પુનઃ વિચાર થવો જોઈએ. આ મામલે જયપુરમાં જૈન સમાજ દ્વારા મૌન સરઘસ કાઢીને વિરોધ નોધાવવામાં આવ્ય હતો.રાજસ્થાન હાઈકોર્ટે જૈન સમુદાયની ધાર્મિક પરંપરા સંથારાને ગેરકાયદે ઘણાવતાં ભારતીય દંડસહિતાની કલમ ૩૦૬ તથા ૩૦૯ અંતગર્ત ગુનાઈત પ્રવૃતિ જાહેર કરી હતી.સંથારા જૈન સમાજનું આવશ્યક અંગ નથી.તેને માનવીય કહીશકાય નહી.કારણે મુળ માનવઅધિકારોનું ઉલ્લંઘન કરે છે.



બોકો હરામના આતંકીઓ દ્વારા નોર્થ ઈસ્ટ નાઈજીરીયામાં ડઝનથી વધુ ખ્રિસ્તીઓને ગોળી મારી દેવામાં આવી.આમ નાઈજીરીયામાં બોકો હરામના આતંકીઓ હવે ઈસ્લામીક સંગઠન સાથે જોડાઈ ગયા હોવાથી તેમની ક્રુરતામાં દિવસે દિવસે વધુ ગમખ્વાર બનાવો બની રહ્યા છે.નાઈજીરીયામાં હજારો મુસ્લીમ અને ખ્રિસ્તીઓની બેહરમીથી કત્લ થઈ છે અને સેકડો મહિલાઓ અને છોકરીઓના અપહરણ કરીને તેમને સેક્સ ગુલામ તરીકે વેચી દેવાઈ છે.




દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમો માટે ઈક્વલ રાઈટ્સ માટે આંદોલન ચલાવી રહેલાઓ ૧૦ ઓગષ્ટને બ્લેક ડે તરીકે દિલ્હી ખાતે મનાવ્યો હતો. ૧૦ ઓગષ્ટ બ્લેક ડે તરીકે મનાવવા પાછળનો હેતુ એ હતો કે પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડીયાએ ભારતના બંધારણમાં(શીડ્યુલ કાસ્ટ)સ્ટેટ્સનો આજના દિવસે ૧૯૫૦માં સહી કરી હતી.જેમાં દલિત હિદુ શીખો અને બુધ્ધિષ્ટોને શિડ્યુલ કાસ્ટની અનામતમાં આવરી લેવાયા હતા.

દિલ્હી ખાતે પ્રેસિડેન્ટલ ઓર્ડર ૧૯૫૦ની સામે રીઅપીલ કરવા માટે ડઝનથી વધારે ખ્રિસ્તી નેતાઓ અને હેટ ઓફ ચર્ચીસ ખાતે એકઠા મળ્યા હતા.એકઠા મળેલાઓને મોસ્ટ રેવ અનીલ કોન્ટો, આર્ચબિશપ ઓફ દિલ્હીએ સંબોધ્યા હતા.

રેવ.ડો.રોજર ગાયકવાડ, જનરલ સેક્રેટરી,નેશનલ કાઉન્સીલ ઓફચર્ચીસ ઈન ઈન્ડીયા,સહિત અનેક માન્યવર ખ્રિસ્તી નેતાઓએ આ પ્રસંગે હાજરી આપી હતી.રેવ ડો.રોજર ગાયકવાડે આ પ્રસંગે જણાવ્યું હતું કે આ કેવા પ્રકારની લોકશાહી છે જેમાં દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમા સાથે ભેદભાવ રાખવામાં આવે છે અને અળખામણા ગણવામાં આવી રહ્યા છે.

ડો.જોન દયાલ,પ્રેસિડેન્ટ, યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમે જણાવ્યુંહતું કે આ નિર્ણય એ જાતિવાદી નિર્ણય છે.હવે લડતનો નિર્ણય આવવો જોઈએ.લડત લાંબા વર્ષોથી ચાલી રહી છે અને સરકારે આ પ્રશ્નને લટકાવી રાખ્યો છે.હજુ સુધી સુપ્રીમ કોર્ટમાં જવાબ આપ્યો નથી.

## પાટીદાર અનામત રેલીએ ગુજરાતને અશાંતિની ગર્તામાં ધકેલી દીધું

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પાટીદાર અનામત માટે આંદોલન ચાલી રહ્યું હતું. જેની મહારેલી અમદાવાદ ખાતે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવી હતી.સરકારે તેમને બહુધા સુવિધાઓ પુરી પાડી હતી. ગ્રાઉન્ડનું ભાડુ જે અન્યો પાસે આઠ લાખ જેટલું વસુલાય છે તેના બદલે ટોકન એક રુપીયો લેવાયો હતો. છેલ્લા ૪૮ કલાકથી પોલીસે કોઈપણ ભોગે તેમની રેલીને સંપુર્ણ રીતે સફળ થવા માટે મદદ કરી હતી.રેલીની પુર્ણાહુતિ બાદ એકાએક ભડકેલી આગની ઝપટમાં જોતજોતામાં આખા ગુજરાતને તેની જ્વાલાઓમાં લપેટી લીધું.ઠેર ઠેર આગના અને તોડફોડના બનાવો બન્યા. પોલીસે બળ પ્રયોગ કર્યો છે તે નામે કેટલાક તત્વોએ આખા ગુજરાતની શાંતિ હણી લીધી.સરકારી મિલ્કતો, બસો, પોલીસ ચોકીઓ વિગેરેને તોડીફોડી નંખાઈ કે ભસ્મીભુત કરી નંખાઈ. પરિણામે પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તેમનો અસલી પરચો દેખાડવાનો ચાલુ કર્યો .પરિણામે ગુજરાતમાં પરિસ્થિતિ કાબુ બહાર જતી રહી. આખરે કેન્દ્ર સરકારની સેમી મીલટરી ફોર્સને કાયદો અને વ્યવસ્થા સંભાળવા માટે બોલાવવી પડી.હજુ સુધી ભારેલો અગ્નિ છે.કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ગમે ત્યારે બની શકે છે. લોકોના જીવ પડીકે બંધાયા છે.છેલ્લા કેટલાક વર્ષો બાદ ગુજરાતમાં ઠેર ઠેર કરફ્યુનું વાતાવરણ ઉભુ થયું.

## કેન્દ્ર સરકારે ૨૦૧૧ના વર્ષમાં હાથ ધરાયેલ વસ્તી ગણતરીના આંકડાઓ આખરે પ્રસિધ્ધ કર્યા

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧માં હાથ ધરાયેલ ધર્મ અને જાતિ આધારિત વસતી ગણતરીના આંકડાઓ જાહેર કર્યા હતા. સરકારના આંકડાઓ પ્રમાણે દેશની કુલ વસ્તીના પ્રમાણમાં અન્ય કોઈ પણ ધર્મના લોકો કરતાં મુસ્લીમોની વસ્તી સૌથી ઝડપથી વધી રહી છે.ભારતના રજીસ્ટ્રાર જનરલ અને વસતી ગણતરી કમિશ્નરે જારી કરેલા સત્તાવાર નિવેદન અનુસારના દાયકામાં દેશની કુલ વસ્તીના પ્રમાણમાં હિંદુઓની વસતી ૦.૭ટકા,શીખમાં ૦.૨ ટકા અને બૌધ્ધની વસ્તીમાં ૦.૧ ટકા પર્સન્ટેજ પોઈન્ટનો ઘટાડો થયો છે.પહેલીવાર હિંદુઓની વસ્તી ૮૦ ટકાથી ઓછી થઈ છે.ભારતની કુલ વસ્તી ૧૨૧.૦૯કરોડની છે.જેમાં મુસ્લીમોની વસ્તી ૦.૮ પર્સન્ટેજ પોઈન્ટ વધી છે.જ્યારે અન્ય લઘુમતી સમુદાયો ખ્રિસ્તી અને જૈનોની વસ્તીના પ્રમાણમાં કોઈ નોધપાત્ર વધારો નોધાયો નથી.

વસતી ગણતરીના આધારે દેશની કુલ વસ્તીમાં હિંદુઓની વસ્તી ૯૬.૬૩કરોડ,મુસ્લીમો ૧૭.૨૨ કરોડ, ખ્રિસ્તી ૨.૭૮કરોડ,શીખ ૨.૦૮કરોડ, જૈન ૦.૪૫લાખ, બૌધ્ધ ૮૪.૦૦ લાખ,અન્ય ધર્મી ૭૯.લાખ,કોઈ ધર્મ નહી ૨૯ લાખ આમ કુલ વસ્તી ૧૨૧.૦૯ કરોડની ગણતરીમાં આવી છે.અગાઉ સરકારે ધર્મ પ્રમાણે વસ્તીના આંકડા જાહેર કરતી હતી. પરંતુ ૨૦૦૧ ની વસતી ગણતરી બાદ સર્જાયેલ વિવાદને પગલે ૨૦૧૧માં સરકારે આ પ્રથા બંધ કરી હતી.હાલની સરકારે બિહાર વિધાનસભાની ચુંટણી અગાઉ આંકડા જારી કરવા પર ટીકાઓ થઈ છે.કારણે આનાથી બિહારમાં મુસ્લીમ મતદારો પર પ્રભાવ પડી શકે છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક **http://facebook.com/robin.dholakia** ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

૨૫મી ઓગષ્ટ બાદ જે કંઇ ગુજરાતમાં બન્યું તેનુ વિશ્લેષણ કરવા બેસીએ તો એક વાત સ્પષ્ટ છે કે સરકારે આ આંદોલનને સામાન્ય કક્ષાનું ગણીને તેને ગણતરીમાં લીધું નહી અને આ મમતે ચઢેલા છોકરડાંઓને સમજાવી લેવાશેના ખ્યાલમાં પરિસ્થિતિ કાબુ બહાર જતી રહી.સરકારમાં બેઠેલાઓ જે સત્યની પ્રતિતિ કરી રહ્યા છે કે પાટીદાર સમાજના લોકોનો ઓબીસીમાં સમાવેશ કરવો શક્ય નથી.પરંતુ તે સિવાયના વિકલ્પ માટે પણ તેઓએ વિચારીને આંદોલનકારી લોકોને વિશ્વાસમાં લઇને અશાંત પરિસ્થિતિ ઉભી ના થાય તેને ટાળી શકાઇ હોત. કદાચ તેમની કલ્પના બહારની આ પરિસ્થિતિ ઉભી થઇ છે.વાત એ સુધી વણસી ગઇ કે આંદોલનકારીઓએ ખુરશી પર બેઠેલાઓને ચીમકી આપવા માંડી કે ખુરશી પર બેસાડનારા અમો છીએ અને ઉતારનારા પણ અમો છીએ. ભારતીય જનતા પાર્ટી અને સંઘના ખેરખાઓ પણ આવી પરિસ્થિતિની કલ્પના કરી નહોતી.વાત હવે એ હદે વણસી ગઇ છે કે સંઘની હિંદુ રાજયની કલ્પના પર મોટો પ્રહાર થઇ ગયો છે.જાતિ અને જ્ઞાતિના ગણિત અને સમીકરણો બદલાઇ રહ્યા છે.કોઇને એકજુથ બનવા કરતાં પોતાનું મહત્વ વધારવામાં અને પોતાના હક્કો મેળવવામાં રસ છે. રાજકારણ ગમે તે હોય પરંતુ સમાજ અને કુટુંબના ભલા માટે તેઓ ગમે તે કક્ષાએ પહોચી શકે છે જે આ આંદોલને સમજાવ્યું છે. કોઇપણ પરિસ્થિતિને ઉગતી ડામવી કે તેના માટેના પ્રયત્નો કરીને તેનું સમાધાન શોધવું તે અગત્યનું છે.

## આણંદ પાધરીયાના પનોતાપુત્ર મનોજ મેકવાનનું જ્વેલ ઓફ ઇન્ડીયાના ખિતાબથી સન્માન

ગુજરાતના ખ્રિસ્તી સમાજની યશગાથામાં એક અધ્યાય ઉમેરતાં આખી આલમ માટે છાતીને ગદગદ કરવાનો મોકો સાંપડ્યો છે. આણંદ પાધરીયાના પનોતાપુત્ર દેશની રાજધાનીમાં પોખાયા હતા. પાધરિયાથી પ્રગટેલી સેવાવૃત્તિની ફોરમ આજે સમગ્ર દેશમાં પ્રસરી છે. તા.૧૨.૮.૨૦૧૫ના રોજ ક્રિશ્ના મેનન ભવન ઓડીટોરીયમ,સુપ્રીમ કોર્ટ,નવી દિલ્હી ખાતે ઇન્ડીયન સોલીડારીટી કાઉન્સીલ દ્વારા સામાજિક ક્ષેત્રે અદ્વિતિય યોગદાન આપવા બદલ,આણંદ સીડીએસના પ્રમુખ શ્રી મનોજ કાન્તીલાલ મેકવાનને ડો ભીષ્મ નારાયણસિંઘ(પુર્વ કેન્દ્રીય મંત્રી અને તામિલનાડુંના રાજયપાલ)શ્રી ઓ.પી.વર્મા(પુર્વ ચીફ જસ્ટીસ)શ્રી જોગીન્દર સિંઘ(પુર્વ સી.બી.આઇ.ડાયરેકટર)ડો. ક્રિશ્નમુર્તિ(પુર્વ ચુંટણી કમિશ્નર ઓફ ઇન્ડીયા)તથા ઓ.પી.સકસેના(ઓલ ઇન્ડીયા લોયર્સ ફોરમના પ્રેસીડેન્ટ,સુપ્રીમ કોર્ટ)ની ઉપસ્થિતિમાં જ્વેલ ઓફ ઇન્ડીયાના ખિતાબથી નવાજવામાં આવ્યા હતા.માનવતાના ફરમાન પર શોષિતો માટે સેવાયજ્ઞ પ્રગટાવનાર મનોજભાઇને અમારા લાખ લાખ અભિનંદન

પ્રેષક : હસમુખ ક્રિશ્ચિયન

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## મેગી પરનો પ્રતિબંધ મુંબઇ હાઇકોર્ટે ઉઠાવી લીધો

મેગી નુડલ્સ બનાવતી નેસ્લે ઇન્ડીયાને મુંબઇ હાઇકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. હાઇકોર્ટે તેની નવ પ્રોડક્સ પર મુકેલો પ્રતબિંધ ઉઠાવી લીધો છે.જો કે મેગીનું બજારમાં તાત્કાલિક વેચાણ થઇ શકશે નહીં. કોર્ટે આ સાથે જ કંપનીને ત્રણ લેબોરેટરીમાં નવેસરથી ટેસ્ટ કરાવવાનો આદેશ આપ્યો છે.લેબોરેટરીએ છ સપ્તાહમાં રિપોર્ટ આપવાનો રહેશે.

હાઇકોર્ટની બેન્ચે કહ્યું કે ફુડ સેફટી સ્ટાન્ડડર્સ ઓથોરીટી ઓફ ઇન્ડીયા અને મહારાષ્ટ્ર ફુડ એન્ડ ડ્રગ્સ ડીપાર્ટમેન્ટે પ્રતબિંધ મુકતાં પહેલાં કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન કર્યું નથી. કંપનીને તેનો જવાબ રજુ કરવાની તક અપાઇ નથી. વળી જ્યાં લેડનું પ્રમાણ નક્કી કરવા માટે ટેસ્ટ કરાયાં તે લેબોરેટરીને ટેસ્ટ માટેની સત્તા ન હતી. કંપનીને ત્રણ લેબોરેટરીના પરિણામ ન આવે ત્યાં સુધી નવું ઉત્પાદન તે નહી કરે તેની ખાતરી આપી હોવાથી સ્ટે આપ્યો નથી.

મેગી ઉતાવળે રાંધીને ખાઇ લેવા માટેની હાથવગી ચીજ છે.પરંતુ ફુડ સેફટીની બાબતમાં ઉતાવળ કરીને મેગી પ્રકરણમાં ભારતીય ફુડ સેફટી ઓથોરેટીએ કાચુ બાફ્યુ અને પદાર્થપાઠ શીખવા મળ્યો.મેગીમાં સીસા અને મોનો સોડીયમ ગ્લુમેટનુ પ્રમાણ માનવ આરોગ્ય માટે સલામત ગણી શકાય તેના કરતાં અનેકગણું વધારે હોવાનુ જણાવી મેગી પર યુપીમાં પ્રતિબંધ લાદી દેવાયો હતો.ત્યાર બાદ મોટાભાગના રાજ્યોમાં તેનું અનુસરણ કરવામાં આવ્યું.તે જ વખતે ગોવા અને કેરળમાં રાજ્યોમાં લેબ પરિક્ષણમાં મેગી સલામત હોવાના રીપોર્ટ આવ્યા. અમેરિકા સહિતના દેશોમો પણ મેગી સલામતના રીપોર્ટ આવ્યા.હવે મુંબઇ હાઇકોર્ટે પણ આ બાબતે સ્પષ્ટપણે કહ્યુ છે કે મેગી પર પ્રતિબંધ લાદીને ભારતીય ફુડ ઓથોરીટીએ કાચુ કાપ્યું છે. અને કુદરતી ન્યાયના સિધ્ધાંન્તોનું પાલન થયું નથી..મતલબ કે સરકારી એજન્સીઓએ મેગી પર પ્રતિબંધ મુકવાની રેસમાં ઝંપલાવવાના બદલે મેગીને નોટીસ આપી તેને સુનાવણીની તક આપવા જેવી હતી.એવુ કહીને હાઇકોર્ટે ફરી મેગીના નવેસરથી ટેસ્ટીંગના આદેશો આપ્યા છે.

મેગી પર પ્રતિબાંધ પછી આજદિન સુધી નેસ્લે કંપની દુનિયાભરમાં ભારતમાં ફુડ ટેસ્ટીંગના ધોરણો ઉતરતી કક્ષાના છે તેવી રેકર્ડ વગાડતી રહી હતી.મુંબઇ હાઇકોર્ટના ચુકાદા બાદ હવે તેનો સુર વધારે બુલંદ બનાશે.અને દુનિયાભરમાં ભારતીય ફુડ સેફટીની બદનામી થશે.દેશભરમાં જે ખાદ્ય ચીજવસ્તુઓ બાબતે પગલાં લેવાયા છે તે તમામ પોત પોતાના કેસોની રીવ્યુ અપીલ કરશે.

ભારત સરકારે રાષ્ટ્રીય તકરાર નિવારણ પંચમાં મેગી સામે ૬૪૦ કરોડ રુપીયાનો કેસ કર્યો છે તે પણ નબળો પડશે. ફુડ સેફટીના મામલે આપણી હાલત ટીપીકલ ફુડ બજાર જેવી છે. જ્યાં બડબડાટ વધુ પરંતુ સ્વચ્છતા કે ગુણવત્તા એકદમ હલકી કક્ષાની.તેથી સારી ચીજવસ્તુઓની આશાની કલ્પના કરવાની .

આપણી પાસે અદ્યતન લેબોરેટરીઓની કમી છે.સારી ગુણવત્તા વાળી લેબોરેટરીના અભાવે એક ચીજની ગુણવત્તા એક રાજ્યમાં સારી અને બીજા રાજ્યોમાં તેમાં તફાવત છે.જેથી મુંઝવણોનો પાર નથી.આપણી પાસે યોગ્ય સ્ટાફની અછત છે.આ ઉપરાંત તંત્ર સાવ સડેલું છે.તેથી કોઇ બાબતે સચોટ અને સાચો અભિપ્રાય મેળવવો અત્યંત કઠીન છે.સુધારાઓને અવકાશ છે પરંતુ તે ક્યારે શક્ય બનશે.

આ બધી બાબતોનો લાભ કેટલાક તત્વો ઉઠાવી રહ્યા છે. પોતાની ચીજવસ્તુઓને બજારમાં ધકેલી અન્યોની પ્રોડકટને હલકી ચીતરી,કેવી રીતે લાભ અંકે કરવો તેમાં તેઓએ મહારત કેળવી છે.તેમને સત્તા,ષડયંત્ર અને ભ્રષ્ટાચારી અધિકારીઓનો સંપુર્ણ ટેકો મળે છે.

## કેન્દ્ર સરકાર દ્વારા ઘરઘાટીઓના હિત જાળવવા માટે રાષ્ટ્રીય નીતિ ઘડશે

કેન્દ્ર સરકારની સામે થોડાક દિવસો પહેલા માલિકોની તરફેણમાં કાયદામાં સુધારાઓ કરી નાંખ્યા હોવાનો વિરોધ કરતાં દેશના ૨૫ સંગઠનોએ સરકાર વિરુધ્ધ રણશિંગું ફુક્યું હતું.પરંતુ સરકારે ઘરઘાટીઓનો હિત જાળવવા માટે નવા સુધારાઓ અને નવી રાષ્ટ્રીય નીતી ઘડવાનો મનસુબો જાહેર કર્યો છે. તે મુજબ ઘરઘાટીનો દર મહિનો રુ.૯,૦૦૦હજારનો પગાર આપવાનો રહેશે.અને મેટરનીટી લીવ પણ આપવાની રહેશે. આ ઉપરાંત બીજા અનેક લાભોની પણ જોગવાઇ કરવામાં આવશે.ઘર નોકરોને સામાજિક સુરક્ષાના લાભ અને જાતીય સતાવણી તેમજ વેઠિયા મજુરી સામે પણ રક્ષણ આપવામાં આવશે. ડોમેસ્ટીક વર્કસ માટેની રાષ્ટ્રીય નીતિ ટુંકસમયમાં કેબિનેટ સમક્ષ રજુ કરાશે.

ઘરના નોકરચાકરો ની ઉંમર વધે એટલે કે તેઓ વૃધ્ધ થાય ત્યારે તેમને નોકરીમાંથી કાઢી મુકવામાં આવે છે. આવી અનિશ્ચિતતા સામે તેમને સામાજિક સુરક્ષા આપવાની રહેશે.જેમાં માલિકે ફરજીયાત પણે હિસ્સો આપવાનો રહેશે.નવી નીતીં તેમનો શિક્ષણસહાય,સુરક્ષિત કામકાજનું વાતાવરણ મળશે તેમજ તેમની ફરિયાદોનો નિકાલ થશે.માલિકો એકપક્ષીય રીતે ઘરનોકરોને નોકરીમાંથી કાઢી મુકી શકશે નહીં.

જે ઘર નોકરો ફુલટાઇમ કામ કરે છે અને ઉચ્ચ કુશળતા ધરાવે છે.તેમને મહિને ઓછામાં ઓછી નવ હજાર રુપીયાનો પગાર આપવાનો રહેશે.આવી રીતે કુશળ,અર્ધકુશળ, બિન કુશળ નોકરો માટે મીનીમમ વેજીસનાં ધોરણો નક્કી કરાયાં છે. લાંબાગાળે તેમને સર્વીસીસ સેકટરમાં આવરી લેવામાં આવે તેવી શક્યતા છે.

સંકલિત અને સર્વગ્રાહી સૌદાબાજી માટે આવા ઘરનોકરો તેમજ માલિકો તેમના ગ્રુપ રચી શકશે. આ નીતિનો મુસદ્દો શ્રમપ્રધાન બાન્દારુ દત્તાત્રેયને મોકલી અપાયો છે.ઘરનોકરોનું શોષણ થાય છે તેથી તેમના કલ્યાણ અને સુરક્ષા માટે નવી નીતિ ઘડવામાં આવી છે.જે આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબની છે.એક વખત નવી નીતિ અમલી બને તે પછી તમામ માલિકોએ તેનુ પાલન કરવાનું રહેશે.આમાં માલિકો, ઘરનોકરો અને મધ્યસ્થી સંસ્થાએ કામકાજ માટે ત્રીપક્ષીય કરાર કરવા રહેશે.જેને કાનુની માન્યતા આપવામાં આવશે.

દેશમાં અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરી રહેલા લોકોને હવે ઇએસઆઇની યોજનાઓ હેઠળ સ્વાસ્થ વીમાના લાભ આપવામાં આવશે. આમાં રીક્ષા ચાલકો, ઓટોરીક્ષા ચાલકો, આંગણવાડીના કર્મચારીઓ જેવા લોકોને સ્વાસ્થ વીમા હેઠળ આવરી લેવામાં આવશે.કુદરતી આપત્તિનાં કિસ્સામાં તેમને પણ રોકડ લાભ અપાશે.આ માટે સરકાર દ્વારા એક સમિતિ રચવામાં આવશે. જો કે છત્તીસગઢ સરકાર દ્વારા તેના ૧૭ લાખ અસંગઠિત કામદારોને સ્વાસ્થ વીમાનો લાભ આપવામાં આવ્યો છે.એનડીએ સરકાર દ્વારા અસંગઠિત કામદારો માટે સ્માર્ટ કાર્ડ દાખલ કરવામાં આવ્યા છે જે હેઠળ પણ તેમને અનેક લાભ મળશે.

### જાણવા જેવું !

ટ્રેન અકસ્માતમાં બેઉ પગ ગુમાવનાર બત્રીસ વર્ષના બ્રીટીશ નોર્મન કુચરે ૬૭૮૭ મીટર ઉંચા હુઆસકારાન નામના દક્ષિણ પેરુના પર્વત પર સફળ આરોહણ કરેલું છે.

પેરીસમાં પચાસ વર્ષ જુના દારુની બાર બોટલની હરાજીમાં ૯૦ હજાર ડોલર ઉપજ્યા હતા.

આપણા શ્વાસમાં હિલિયન ગેસનું પ્રમાણ ૦.૦૦૦૫ ટકા હોય છે.આપણાં ઘરના તાપમાનમાં હિલીયન ગેસ રંગહીલ,સ્વાદહીન હોય છે.

# ભાડુઆતના હક્કમાં તામિલનાડુની અદાલતે આપેલ ચુકાદાથી એક મહિનાથી વધુ એડવાન્સ ભાડુ લઇ શકાશે નહી

તામિલનાડુની એક અદાલતે મકાન માલિક અને ભાડુઆતના વિવાદમાં આપેલા ચુકાદાની દેશવ્યાપી અસર પડી શકે છે.ચેન્નાઇની એક અદાલતે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે મકાન માલિક કોઇપણ ભાડુઆત પાસેથી એક મહિનાથી વધુ ભાડુ એડવાન્સમાં લઇ શકે નહીં. આ કાયદો જ ખોટો છે.૧૯૯૬ના સુપ્રીમ કોર્ટના એક ચુકાદા અંતગર્ત અદાલતે આ ચુકાદો આપ્યો છે.જેને પગલે આગામી સમયમાં ભાડુઆતોને મોટી રાહત મળી રહેશે.નિમાતુલ્લા નામની એક વ્યક્તિએ તેના મકાનમાલિક સામે ફરિયાદ નોધાવી હતી.ન્યાયાધીશ શશીકુમારે ફરિયાદીએ જમા કરાવેલી ભાડાની પહોંચોનો અભ્યાસ કરી જણાવ્યું હતું કે ભાડુઆત દ્વારા ફક્ત બે મહિનાનું ભાડુ ચુકવવામાં આવ્યું નથી.પરંતુ તેની સામે ફરિયાદી દ્વારા મોટી રકમ એડવાન્સ પટે જમા કરાવવામાં આવી છે.આટલી મોટી રકમ એડવાન્સ તરીકે લેવી એ પણ કાયદાની વિરુધ્ધ છે.રેન્ટ કંન્ટ્રોલ એક્ટ મુજબ મકાન માલિક આટલી મોટી રકમ એડવાન્સ પેટે લઇ શકે નહીં.એક મહિનાથી વધુનું ભાડુ એડવાન્સ પેટે લેવું એ નિયમની વિરુધ્ધ છે.

# સંથારા પ્રતિબંધ અંગે સરકારનું ધ્યાન દોરવા ભાગવતની સલાહ

જૈન ધર્મમાં સંથારો અને બાળદિક્ષા જેવા મુદ્દાઓ પર હાઇકોર્ટ દ્વારા પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવાથી જૈન સંપ્રદાય નારાજ છે.સુરતમાં આવેલ પાલ વિસ્તારમાં ગુરુરામ પાવનભુમિ ખાતે શુભમંગલ ફાઉન્ડેશન આયોજિત વિવિધ ધર્મ-સંપ્રદાયોના ૧૪ ધર્મગુરુઓ-સંતોની ઉપસ્થિતિમાં યોજયેલ એક ધર્મસભામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે હાજરી આપી હતી.

સરસંઘસંચાલકે આ ધર્મસભામાં જણાવ્યુ હતું કે સંથારો એ આત્મહત્યા નથી.પણ એ એક ધાર્મિક પધ્ધતિ છે.અને તેના પર પ્રતિબંધ મુકવો ન જોઇએ. બાળ દિક્ષા પણ આવીજ ધાર્મિક પધ્ધતિ છે.આ સંદર્ભે લોકજાગૃતિ લાવવા પર તેમણે ભાર મુક્યો હતો.તેમણે કહ્યું હતું કે સરકારે આ વાત સમજવાની જરુર છે.ભગવત ગીતા એક પ્રેરક સંદેશો છે કે આપણે આપણી સામેના પડકારો કે પ્રશ્નોથી દુર ભાગી જવું જોઇએ નહી.આપણે આપણા પ્રશ્નો ૭૦ ટકા જેટલા ઉકેલી શકીએ છીએ.તો બાકીના ૩૦ ટકા પ્રશ્નો કુદરત ઉકેલી નાંખે છે.રાજકારણમાં સારા માણસો આવે એ જરુરી છે. અને એ માટે વાતાવરણ ઉભુ કરવાની જરુર છે. રાજકારણમાં સારા માણસો આવશે તો તેનો ફાયદો દેશને મળશે.ધાર્મિક શિક્ષણની જરુરીયાત છે.આપણી નવી પેઢીને યોગ્ય રીતનું ધાર્મિક શિક્ષણ મળે એ જરુરી છે.એ માટે આપણે જરુરી વ્યવસ્થા ઉભી કરવી પડશે.આ પ્રસંગે જૈનાચાર્ય અભયદેવસુરીશ્વરજી મ.સા.ના હસ્તે મોહન ભાગવતને સોનાની શાહી વડે લખાયેલ શ્રીમદ ભગવત ગીતા તથા નવકાર મંત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.સોનાની શાહીથી લખાયેલી આ ગીતા સુરેન્દ્રનગર જિલ્લાના યુનુસ શેખ દ્વારા ૨૪ કેરેટ સોનામાંથી તૈયાર કરાઇ હતી.તેનુ વજન ૩૪૬ ગ્રામ છે.તેનો ખર્ચ ૭.૫ લાખ થયો હતો.


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ગેસ સબસીડી યોજનાનો ગિનિસ બુક ઓફ રેકોર્ડ્સમાં સમાવેશ

રાંધણ ગેસ માટે સરકાર દ્વારા અપાતી સબસીડીની યોજનાને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે.રેકોર્ડ બુક દ્વારા આ યોજનાને દુનિયાની સૌથી મોટી કેસ ટ્રાન્સફર યોજના તરીકે નોંધવામાં આવી છેય એલપીજી પર ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર યોજના મોદી સરકાર દ્વારા પંદર નવેમ્બર,૨૦૧૪થી લાગુ કરવામાં આવી હતી. નવેમ્બર દરમિયાન દેશના ૫૪ જિલ્લાઓમાં આ યોજનાના અમલીકરણનો પ્રયોગ હાથ ધરાયો હતો. આ પ્રયોગમાં સફળતાં મળતાંની સાથે જ ૧ જાન્યુઆરી ૨૦૧૫થી સમગ્ર દેશમાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર યોજના લાગુ કરી દેવાઇ છે.

# જેલનો શિલાન્યાસ કરનાર મંત્રીને એજ જેલમાં પુરવામાં આવ્યા

લુઇસ બર્જર કેસમાં પકડાયેલ ગોવાના પુર્વ મંત્રી ચર્ચિલ અલેમાઓને જેલમાં પુરવામાં આવ્યા એજ જેલનો તેમણે શિલાન્યાસ કર્યો હતો.ગોવાના આ પહેલા મંત્રી છે કે જેમને આ જેલમાં ધકેલાયા છે.આ જેલનો શિલાન્યાસ ૨૦૧૦માં કરવામાં આવ્યો હતો.જેલમાં જતાં પહેલા ચર્ચિલે કહ્યું હતું કે આ જેલમાં બધીજ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.તેમના જામીન અંગે હજુ સુધી કોઇ સુનાવણી હાથ ધરવામાં આવી નથી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# ક્રિકેટમાં કેચ કરવામાં ભારતના અજંકિયે રહાણેનો ૮ કેચનો વિક્રમ

ભારત અને શ્રીલંકા વચ્ચે ગોલ ખાતે રમાઇ રહેલ પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતના અજંકિયે રહાણેએ એક નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો.પ્રથમ દાવમાં ત્રણ કેચ ઝડપ્યા હતા. જ્યારે બીજા દાવમાં પાંચ કેચ ઝડપ્યા હતા. આમ આ મેચમાં તેણે કુલ આઠ કેચ ઝડપવાની સિધ્ધિ હાંસલ કરી હતી..ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં અગાઉ કોઇ ફિલ્ડર એક ટેસ્ટમાં બંને દાવમાં સાતથી વધુ કેચ ઝડપી શક્યો નહોતો.ઓસ્ટ્રેલીયાના ગ્રેગ ચેપલે ૧૯૭૪-૭૫મા પર્થ ખાતે ઇગ્લેન્ડ સામે બેઉ દાવમાં સાત કેચ ઝડપ્યા હતા.જ્યારે ૧૯૭૭માં ભારતના યજુવેન્દ્રસિંહે આ રેકોર્ડની બરાબરી કરી હતી.એ પછી શ્રીલંકાના તિલકરત્ને,ન્યુઝીલેન્ડના ફ્લેમીંગે અને ઓસ્ટ્રેલીયાના મેથ્યુ હેડને બંને દાવમાં સાત કેચ ઝડપ્યા હતા.

# ખાનગી બેન્કનું લાયસંસ આપવા સામે બેંક કર્મચારીઓને ઉગ્ર વિરોધ

રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ રીલાયન્સ,આદિત્ય બિરલા, એરટેલ,વોડાફોન, ફાઇનો પેટેક,ટેક મહિન્દ્રા જેવી બીજી અનેક કંપનીઓને પેમેન્ટ બેન્ક શરુ કરવાનું લાયસંસ આપતાં બેંન્ક કર્મચારી એસોસીએસને ઉગ્ર વિરોધ નોધાવ્યો છે.દેશની લાખો કરોડોની મુડી ડુબાડનારા કોર્પોરેટર્સના જ હાથમાં પ્રજાની બચત સોપવાથી ભવિષ્યમાં આર્થિક કટોકટી ઊભી થશે તેવી આશંકા આ બેન્ક એસોસીયેશનોએ કરી છે.આ ઉપરાંત સરકારી મુડી ધરાવતી સલામત પબ્લીક સેકટર બેન્કોને ખતમ કરવા માટે જ સરકારે અને રીઝર્વ બેન્કે આ કારસો ઘડ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.ઓલ ઇન્ડીયા બેન્કર્સ એમ્પોલીયઝ એસો. એ સરકાર અને આરબીઆઇની મીલી ભગત માટે આક્ષેપો કર્યા છે.

ખાનગી કંપનીઓને પેમેન્ટ પરવાનો આપીને સરકાર પ્રાઇવેટ સેકટર માટે બેન્કીંગ ક્ષેત્રમાં ઘુસવાનો રસ્તો મોકળો કરી રહી છે.વળી પેમેન્ટ બેન્કોને કારણે સરકારના નિયંત્રણ હેઠળી પબ્લીક સેકટરની બેન્કોની માર્કેટ શેર ઘટી જવાની વકી છે.પબ્લિક સેકટર બેન્કોમાં બેડ લોનનું પ્રમાણ વધીને ૬૬ લાખ કરોડ થવા પાછળનું મુખ્ય કારણ કોર્પોરેટ ડિફોલ્ટરો જ હોવાથી મધ્યમવર્ગની મુડી ન મુકી શકાય તેવો મત એસો.વ્યક્ત કર્યો હતો.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે. દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ** બતાવીશું.

**Tour Date 11 November,2015**

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**

C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦

E.mail ID : prarthgohil@gmail.com

* * * * * * * * * * * * * *

# પાટીદારોની અનામત ઝુંબેશ પાછળ ગુજરાતમાં અનામત નાબુદનો પ્રયોગ કરાઇ રહ્યો છે ?

પાટીદારોને ઓબીસીમાં સામેલ કરવાનીં માંગ સાથે શરુ કરાયેલ આંદોલને હવે વેગ પકડવા માંડ્યો છે.શરુઆતમાં એવું લાગતું હતું કે કેટલીક પટેલ લોબી નારાજ હોવાને કારણે મુખ્યમંત્રીની સામે લડતનું રણશીગું ફુકી રહ્યુ છે. પરંતુ દિવસે દિવસે આંદોલનની તરાહ બદલાવા લાગી. રાજયમાં ૧૦૦થી વધુ મોટી અને શાંત રેલીઓ યોજ્યા બાદ હવે પાટીદારોની અમદાવાદ ખાતે મહારેલીનું આયોજને સરકારની ઉંઘ ઉડાડી દીધી છે.પાટીદારોની સભાઓમા થતાં પ્રવચનો, ઓબીસીમાં સામેલ કરવાની માંગ સામે સરકાર ભારે કસમકસ અનુભવી રહી છે. સરકારે ઓબીસીમાં પાટીદારોનો સમાવેશ થઇ શકે તેમ નથી તેવી નક્કર જાહેરાતો સમાચાર માધ્યમોમાં વહેતી કરીને આંદોલનકારીઓને સત્ય સમજાવવા પ્રયત્ન કરી જોયો. પરંતુ તે નિષ્ફળ રહ્યો છે.હવે આંદોલનની દિશા અને દશા બદલાવના સંકેતો આવી રહ્યા છે.

સફેદ ટોપીમાંથી કેસરી ટોપી બની ગઇ છે.સામાન્ય રીતે ૧૯૮૫ બાદ ગુજરાતમાં અનામત આંદોલન બાદ કોઇપણ આંદોલનને ચલાવી લેવાયા નથી.તેને ઉગતા જ ડામી દેવાયા છે.પરંતુ આ વખતે પાટીદારોના આંદોલનને દબાવી દેવામાં ક્યાં તો રાજ્ય સરકારે સર લીધો નથી કે ક્યાં તેને ભાજપના મોટા નેતાઓના છુપા આર્શીવાદ પાછળ ગુજરાતની ભાજપની પ્રયોગશાળામાં કોઇક નવો પ્રયોગ કરવાની તમન્ના ઉભી થઇ છે.એવુ દેખાઇ રહ્યું છે કે હાલમાં પાટીદારોની અનામત પાછળ ગુજરાતમાં અનામત નાબુદ કરવાનો ખેલ ચાલી રહ્યો છે કે શું ?`જ્યારે આંદોલન વેગ પકડી રહ્યુ હોય ત્યારે ભાજપ સરકાર શાંત રહે તે માની શકાય તેમ નથી.મોદીની પ્રયોગશાળા ગુજરાતમાં આ આંદોલન થકી અનામત નાબુદીનો પ્રયોગ હાથ ધરાયો છે. જે હવે અન્ય રાજ્યોમાં પણ પ્રસરશે અને તે પછી આ મુદ્દે કેન્દ્ર સરકારની એન્ટ્રી થશે એવા સંદર્ભની વાત સોશ્યલ મીડીયામાં સેન્ટ્રલ આઇબીના લીક થયેલા ગુપ્ત રિપોર્ટના નામે ચાલી રહી છે.ગુજરાતની પ્રયોગશાળામાં આ પહેલા ફરજીયાત વોટિંગનો કેસ તાજોજ નમુનો છે.હાઇકોર્ટની બ્રેકને કારણે ફરજીયાત વોટિંગ અટકી પડ્યુ છે. પરંતુ આ પાછળનુ ગણિત દેશમાં પાછલા બારણે સરમુખ્યતારશાહી દાખલ કરવાનો સરકારનો મનસુબો છતો થાય છે.સત્તા પર બેસતાંની જ સાથે ન્યાયતંત્ર ઉપર સરકારે પોતાની પક્કડ જમાવી દીધી છે.જેથી સરકારની વિરુધ્ધમાં મોટાભાગના નિર્ણયો આવશે નહી તેવું દેખાઇ રહ્યું છે.અચ્છે દિનની ગણતરી શેમાં કરવી એ ગુજરાતની પ્રજાએ નક્કી કરવાનું રહેશે.

# ઓબીસીની અનામતમાં ભાગ ન પડે માટે ઓબીસી મેદાનમાં આવતાં સરકારની મુઝવણો ઓર વધી

પાટીદારોનું અનામત આંદોલન ઉગ્ર જોરમાં આગળ વધી રહ્યુ છે તેના કારણે બ્રાહ્મણો,ક્ષત્રિયો પણ મેદાનમાં આવી ગયા છે.ઓબીસીની અનામતમાં ભાગ નપડે માટે ઓબીસીના નેતાઓ પણ મેદાનમાં આવી ગયા છે.જૈનોને લઘુમતિનો દરજ્જો મળે તે માટે જૈન સમાજ પણ મેદાનમાં છે. વાસ્તવિકતા એ છે કે સરકારે જૈનોને લઘુમતીનો દરજ્જો આપવા માટે નિર્ણય લઇ લીધો છે પરંતુ ચોમાસુ સત્ર પુરુ થયા બાદ આ નિર્ણય અંગેની જાહેરાત થશે તેમ મનાઇ રહ્યું છે.

જૈનોને કેન્દ્ર સરકારે લઘુમતિનો દરજ્જો આપી દીધો છે.પરંતુ ગુજરાત સરકારે આ દરજ્જાને સ્વીકારીને તેની સત્તાવાર જાહેરાત કરી નથી.હવે જૈનોને લઘુમતીનો દરજ્જો જાહેર કરવા માટે સરકારમાં વિચારણા ચાલી રહી છે.કારણકે ઓબીસી અને પાટીદારો તેમને હક્ક મળે કે તેઓના હક્ક ડુબે નહી માટે સતત સરકારને સામે છે. તેથી સરકારનું કોઇપણ પગલું વર્ગ વિગ્રહ તરફ દોરી જઇ શકે છે.

ગુજરાત રાજપુત યુવા સંઘે પણ તેમના સમાજને ઓબીસીમાં સમાવેશ કરવા માટે રજુઆત કરી છે.અનેક જ્ઞાતિ સંગઠનો દ્વારા વધી રહેલ માગણીઓને કારણે સરકારની દશા કફોડી બની રહી છે.જો પાટીદાર સમાજને ધ્યાનમાં રાખીને કોઇ જાહેરાત કરવામા આવશે તો સરકાર પર બીજી અનેક જ્ઞાતિઓ પોતાને અન્યાય થયો હોવાનું બતાવીને આંદોલનો કરશે.સરકાર માત્ર પટેલોના મતોથી ચુંટાઇ નથી કે જેથી તેમને જ લાભો આપવા પડે.સરકાર બધાના મતોથી રચાઇ છે.માત્ર પાટીદારોને શિક્ષણ કે નોકરીમાં તકો મળે તેમ ઇચ્છે છે તો સામે અનેક જ્ઞાતિઓના યુવાનોને આવી તકો મળે તેવી તેમની સામાન્ય ઇચ્છા છે.

અમદાવાદની મહારેલી બાદ અનામત આંદોલનની દિશા બદલાશે કે નવી દિશા આવશે તે નક્કી કરાશે પરંતુ ગુજરાતમાં આંદોલનોનો દોર પાછો શરુ થઇ ગયો છે તે વાત નક્કી છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# પ્રદુષણ ઘટાડવા માટે દસ વર્ષથી જુના ડીઝલ વાહનોનું ચેકીંગ કરાશે

રાજ્યના રસ્તા પર દસ વર્ષથી વધુ જુના ડીઝલ વાહનોને દુર કરવા માટે પધ્ધતિ નક્કી કરવાનો ગુજરાત હાઇકોર્ટના એકટીંગ ચીફ જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટીસ જે.બી.પારડીવાલાની ખંડપીઠે હુકમ કર્યો હતો. દરમિયાન ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ચાર શહેરોમાં ડીઝલ વાહનોનું પ્રદુષણનું સ્તર કેટલું છે તેનો સર્વેક્ષણ કરવાનો નિર્ણય લેવાયો છે.

તમામ વાહનોને સીએનજી વાહનોમાં તબદીલ કરવાનો નિર્ણયનો ફેરવિચાર કરવાની પીટીશન હાઇકોર્ટમાં ચાલી રહી છે.તેમાં રજુઆત કરવામાં આવી હતી કે સીએનજી ઉપરાંત એલપીજી પણ એક વિકલ્પ છે. તેમજ હવે ટેકનોલોજીના આધારે એવા વાહનો બનાવાય છે કે જેમાં પ્રદુષણ ઓછું થાય. જેમાં હાઇકોર્ટ દસ વર્ષ જુના ડીઝલ વાહનોને દુર કરવા સહિતના કેટલાક સુચનો માંગ્યા હતા. તેના પ્રતિભાવ રુપે રાજ્ય સરકારે અને જીપીસીબીએ તેનો જવાબ રજુ કર્યો હતો.સરકારે રજુઆત કરી હતી કે ડીઝલથી ચાલતાં જુના વાહનોને તાત્કાલિક ધોરણે ભંગાર કરવા શક્ય નથી.કારણકે આવા વાહનોની ઝડપી ગણતરી શક્ય નથી. જુના વાહનોની ગણતરી કરવી હોયતો કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરવું પડશે.ડીઝલના વાહનો સીએનજી કરવા હીતાવહ નથી.કારણકે માલશેકર કમિટિના રીપોર્ટ મુજબ ડીઝલ વાહનને સીએનજીમાં પરિવર્તિત કરવું ઘાતક બની રહે તેમ છે.

દરમિયાના હાઇકોર્ટે સરકારને સુચન કર્યું છે કે વાહનો દસ વર્ષ,પંદર વર્ષ અથવા તો વીસ વર્ષ જુના છે તેની ગણતરી કરવા માટે એક વ્યવસ્થા ઉભી કરીને આગામી મુદત તા. ૪ સપ્ટ.ના રોજ કોર્ટમાં રજુ કરવી જોઇએ .બીજી તરફ જીપીસીબી તરફથી એવી રજુઆત કરવામાં આવી હતી કે અમદાવાદ,વડોદરા, સુરત, રાજકોટ ખાતે પ્રદુષણનું સ્તર શોધવા માટે સ્થાનિક પોલ્યુશન અંડર કંટ્રોલ સ્ટેશન ખાતે જોડાણ કરીને વાહનોમાંથી ધુમાડાથી થતા પ્રદુષણની ચકાસણી કરાશે.તમામ મોડલ અને તમામ ઉમરના વાહનો વાહનોનું સર્વેક્ષણ કરાશે.એક હજાર વાહનોના સેમ્પલ લેવાશે. આ માટે બે મહિનાનો સમય લાગશે. રાજ્ય સરકારે રજ્ કરેલા આંકડાઓ મુજબ રાજ્યમાં ૧૩.૭૭ લાખ ડીઝલ વાહનો છે.પંદર વર્ષથી જુના હોય તેવા ૬૩૬૮ વાહનો છે. જ્યારે ૧૦ વર્ષથી જુના ૨૧૦૫૪ વાહનો છે.

# ફરજીયાત વોટિંગના અમલ પર હાઇકોર્ટની બ્રેક

લોકોના અધિકાર પર તરાપરુપ કાયદો લાદવાની રાજ્ય સરકારના મનસુબા પર પાણી ફરી વળ્યું છે. ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સરકારના આ ફરજીયાત વોટિગના કાયદાના અમલ પર બ્રેક મારવામાં આવી છે.રાજ્યની સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં નાગરિકોને ફરજીયાત મતદાન કરવાના અને મતાધિકારનો ઉપયોગ નહી કરનારને દંડિત કરવાના કાયદાના અમલ સામે ગુજરાત હાઇકોર્ટે મનાઇ ફરમાવી છે.

મનાઇ હુકમ આપતી વખતે એકટીંગ ચીફ જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટીસ એન.વી.અંજારીયાની ખંડપીઠે ટકોર કરી હતી કે મતદાનના અધિકારમાં જ મત નહિ આપવાન અધિકારનો પણ સમાવેશ થાય છે. આથી નાગરિકોને બંધારણમાં બક્ષવામાં આવેલ હક્કને ફરજમાં બદલી શકાય નહીં.હાઇકોર્ટે વધુમાં કહ્યું હતું કે લોકસભા અને વિધાનસભાની ચુંટણીમાં ફરજીયાત મતદાન નથી તો સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં ફરજીયાત મતદાન શા માટે કરવું જોઇએ ?મતદાન કરવું કે ના કરવું તે મતદારનો હક્ક છે.અને તેમની ઇચ્છા પર આધારિત છે.આથી જો બંધારણે આપેલા હકને ફરજીયાત કરાય તો બંધારણે આપેલો હક્ક છિનવાઇ જાય છે.લોકશાહમાં હકને સ્વીકારવા કે ન સ્વીકારવા તે લોકોની ઇચ્છા પર આધારિત હોય છે.હાઇકોર્ટે આપેલ આદેશમાં આ જણાવાયું હતું.

સ્વરાજઅભિયાનના કાર્યકર અને એડવોકેટ કે.આર.કોષ્ટીએ આ ફરજીયાત મતદાનના કાયદાને પડકાર્યો હતો.તેમના વતી રજુઆત કરી હતી કે ર્જાય સરકારનો આ નિર્ણય બંધારણથી વિરુધ્ધ છે. રીપ્રેઝન્ટેશન ઓફ પિપલ્સ એક્ટમાં કરાયેલી જોગવાઇ મુજબ મતાધિકારનો ઉપયોગ કરવો કે નહી તે મતદાતાનો અબાધિત અધિકાર છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.